# BUSINESS મિત્ર Plus

## સ્વચ્છ ઉર્જાને વેગ આપવા ભારતે ચીન જેવી સુપર ગ્રીડ બાંધવી જરૂરી



ભારતની સ્વચ્છ ઉર્જાની આકાંક્ષાઓને સંપૂર્ણ રીતે સાકાર કરવા માટે દેશને ચીન જેવી સુપર ગ્રીડની જરૂર પડી શકે છે, તેમ કેન્દ્રીય અક્ષય ઉર્જા સચિવ સંતોષ કુમાર સારંગીએ તાજેતરમાં જણાવ્યું હતું. આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે દેશમાં રિન્યુએબલ એનર્જીની ક્ષમતા ઝડપથી વધી રહી છે અને તેના માટે જરૂરી ઇન્ફ્રાસ્ટ્રક્ચરના સ્કેલને રેખાંકિત કરે છે. આ ટિપ્પણી એવા સમયે આવી છે જ્યારે ભારત ૨૦૩૦ સુધીમાં ૫૦૦ ગીગાવોટ બિન-અશ્મિભૂત ઈંધણ ક્ષમતાના તેના લક્ષ્યાંક તરફ ઝડપથી આગળ વધી રહ્યું છે, જ્યારે ઔદ્યોગિક વિકાસ, ઝડપી શહેરીકરણ, વિસ્તરતી ટેકનોલોજીની જરૂરિયાતો અને વધતી વસ્તીને કારણે વીજળીની માંગ સતત વધી રહી છે. જો કે, પુનઃપ્રાપ્ય ઉર્જાનું ઉત્પાદન કરવું એ પડકારનો માત્ર એક ભાગ છે. મોટો પ્રશ્ન એ છે કે તે વીજળીને ભારત જેવા વિશાળ અને ભૌગોલિક રીતે વૈવિધ્યસભર દેશમાં કાર્યક્ષમ રીતે કેવી રીતે પહોંચાડવી. આ બાબતમાં જ ચીનની સુપર ગ્રીડની ચર્ચા સામે આવે છે.

**ચીનની સુપર ગ્રીડ શું છે?**

ચીનની સુપર ગ્રીડ એ વિશ્વની સૌથી મોટી વીજળી ટ્રાન્સમિશન સિસ્ટમ્સમાંની એક છે. અલ્ટ્રા-હાઇ-વોલ્ટેજ(UHV) ટ્રાન્સમિશન લાઇનોની મદદથી બનેલું આ નેટવર્ક, અંતરિયાળ વિસ્તારોમાં ઉત્પાદિત થતી વીજળીને ન્યૂનતમ ઉર્જા બગાડ સાથે હજારો કિલોમીટર દૂર સુધી પહોંચાડે છે.

કેપીઆઈ ગ્રીન એનર્જીના સ્થાપક અને સીએમડી ડૉ. ફારુક જી. પટેલે જણાવ્યું હતું કે, ચીનની ગ્રીડ અત્યાર સુધી બનેલી સૌથી અધતન લાંબા અંતરની ટ્રાન્સમિશન સિસ્ટમ છે. ૬૦,૦૦૦ કિલોમીટરથી વધુ

કરન્ટ-ટોપિક

લાંબી અલ્ટ્રા-હાઇ વોલ્ટેજ લાઇનો એક સમયે ૮ થી ૧૨ ગીગાવોટ વીજળીને ૨,૦૦૦-૩,૦૦૦ કિલોમીટર કે તેથી વધુ અંતર સુધી પહોંચાડે છે, જે એક ખંડ જેટલા વિશાળ દેશને સિંગલ ડિસ્પેચેબલ નેટવર્કમાં જોડે છે એમ ડૉ. પટેલે જણાવ્યું હતું. આ સિસ્ટમ ચીનને પશ્ચિમના પવન, સૌર, હાઇડ્રો અને કોલસાથી સમૃદ્ધ પ્રાંતોમાંથી પૂર્વમાં આવેલા ગીચ વસ્તી ધરાવતા ઔદ્યોગિક કેન્દ્રોમાં વીજળી પહોંચાડવાની સગવડ આપે છે. આ મહત્વપૂર્ણ છે કારણ કે ચીનના મોટાભાગના મોટા રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટ્સ રણ અને ઓછી વસ્તી ધરાવતા અંતરિયાળ વિસ્તારોમાં આવેલા છે, જે વીજળીની વધુ માંગ ધરાવતા શહેરોથી ઘણા દૂર છે.

ચીને ૨૦૦૦ ના દાયકાની શરૂઆતમાં UHV ટેકનોલોજી પર કામ કરવાનું શરૂ કર્યું હતું અને ૨૦૦૯ માં તેનો પહેલો મોટો UHV પ્રોજેક્ટ કાર્યરત કર્યો હતો. આગામી બે દાયકામાં, દેશની બે સરકારી માલિકીની જાયન્ટ કંપનીઓ - સ્ટેટ ગ્રીડ કોર્પોરેશન ઓફ ચાઇના અને ચાઇના સધર્ન પાવર ગ્રીડ દ્વારા સતત પંચવર્ષીય યોજનાઓ, મોટા પાયે જાહેર રોકાણ, લાંબા ગાળાની ઔદ્યોગિક નીતિ અને કેન્દ્રિય આયોજન દ્વારા આ નેટવર્કનો સતત વિસ્તાર કરવામાં આવ્યો. ચીન તેના ગ્રીડ મેનેજમેન્ટ માટે સ્થાનિક રીતે વિકસિત સિસ્ટમ્સનો પણ ઉપયોગ કરી રહ્યું છે જેને સોલ્વર્સ તરીકે ઓળખવામાં આવે છે.

આ સિસ્ટમ્સ રીઅલ-ટાઇમ ડેટાનો ઉપયોગ કરીને નક્કી કરે છે કે પાવર પ્લાન્ટ્સ ક્યારે કાર્યરત કરવા, નેટવર્ક પર વીજળીનો પ્રવાહ કેવી રીતે સંચાલિત કરવો અને અસ્ક્યામતોની ફાળવણી કેવી રીતે કરવી. હવામાનની સ્થિતિના આધારે સોલર અને વિન્ડ જેવા પુનઃપ્રાપ્ય ઉર્જા સ્રોતોમાં ઉતાર-ચઢાવ થતો હોવાથી, ગ્રીડની સ્થિરતા જાળવવા અને વીજળીની માંગને કાર્યક્ષમ રીતે સંચાલિત કરવા માટે આ અધતન અલ્ગોરિધમ્સ ખૂબ જ મહત્વપૂર્ણ છે.

**પુનઃપ્રાપ્ય ઉર્જાનું ઉત્પાદન કરવું એ પડકારનો માત્ર એક ભાગ છે. મોટો પ્રશ્ન એ છે કે તે વીજળીને ભારત જેવા વિશાળ અને ભૌગોલિક રીતે વૈવિધ્યસભર દેશમાં કાર્યક્ષમ રીતે કેવી રીતે પહોંચાડવી. આ બાબતમાં જ ચીનની સુપર ગ્રીડની ચર્ચા સામે આવે છે**

**ભારત અત્યારે ક્યાં છે?**

નેશન ફર્સ્ટ પોલિસી રિસર્ચ એન્ડ ચેન્જ ફાઉન્ડેશન ખાતે સેન્ટર ફોર એક્સિલરેટિંગ ઇન્ડિયાઝ ગ્રોથના એસોસિએટ કન્સલ્ટન્ટ કૃતિ મુત્રેજાએ જણાવ્યું હતું કે, ચીને ૧,૧૦૦ kV સુધીની ક્ષમતા ધરાવતી ૪૦,૦૦૦ કિલોમીટરથી વધુ લાંબી UHV ડાયરેક્ટ કરંટ ટ્રાન્સમિશન લાઇનો બનાવી છે. તેની સરખામણીમાં, ભારત હાલમાં ૭૬૫ kV AC સુધીના વોલ્ટેજ સાથે લગભગ ૪,૯૪,૦૦૦ સર્કિટ કિલોમીટરમાં ફેલાયેલી સંપૂર્ણ સિંક્રોનાઇઝ્ડ નેશનલ ગ્રીડનું સંચાલન કરે છે, તેણીએ જણાવ્યું. ચીનનું રિન્યુએબલ એનર્જીનું સ્કેલ પણ ઘણું મોટું છે. ડૉ. પટેલે માહિતી આપી હતી કે, ચીનનો સંયુક્ત વિન્ડ અને સોલર ઇન્સ્ટોલ બેઝ આશરે ૧,૮૪૦ GW છે, જ્યારે ભારતનો ૨૫૦ GW છે. જો કે ભારતે છેલ્લા એક દાયકામાં તેની પુનઃપ્રાપ્ય ઉર્જા ક્ષમતામાં નોંધપાત્ર વધારો કર્યો છે, સાથે સાથે ટ્રાન્સમિશન ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને ગ્રીડ આધુનિકીકરણના પ્રયાસોને પણ વેગ આપ્યો છે. આ પ્રગતિ છતાં, નિષ્ણાતો કહે છે કે ભારતનો સૌથી મોટો પડકાર રિન્યુએબલ એનર્જીના વિકાસને ટ્રાન્સમિશન ઇન્ફ્રાસ્ટ્રક્ચર સાથે સિંક્રોનાઇઝ કરવાનો છે. અન્ય મુખ્ય અવરોધોમાં શામેલ છે: જમીન સંપાદન અને વન મંજૂરીમાં થતો વિલંબ, વીજ વિતરણ કંપનીઓની નાણાકીય કટોકટી, ગ્રીડ-સ્કેલ બેટરી સ્ટોરેજની અછત, કેન્દ્ર અને રાજ્યો વચ્ચે સંકલનના પડકારો વગેરે. નિષ્ણાતો માને છે કે ભારત સમાન પરિણામ પ્રાપ્ત કરી શકે છે પરંતુ તદ્દન અલગ રસ્તેથી. ચીનની અત્યંત કેન્દ્રિય પ્રણાલી – જે એક જ સરકારી માલિકીની સંસ્થા દ્વારા ચલાવવામાં આવે છે – તેનાથી વિપરીત ભારત એક સંઘીય માળખા હેઠળ કામ કરે છે જેમાં બહુવિધ સ્ટેટ યુટિલિટીઝ, નિયમનકારો અને ખાનગી કંપનીઓ સામેલ છે. મુત્રેજાએ જણાવ્યું હતું કે ભારત પોતાના રાષ્ટ્રીય અને સંસ્થાકીય માળખાને અનુકૂળ અભિગમ અપનાવતી વખતે ચીનના ગ્રીડ વિસ્તરણ મોડલમાંથી પસંદગીના પાઠ શીખી શકે છે. ઇકોગાર્ડ ગ્લોબલના સીઈઓ યશોધન રામટેકેએ જણાવ્યું હતું કે, ભારતને ચીન જેવી સુપર ગ્રીડ વિકસાવવામાં ૧૫-૨૦ વર્ષ લાગી શકે છે. નિષ્ણાતો માને છે કે ભારતનું મોડલ આખરે વધુ સ્થિતિસ્થાપક બની શકે છે કારણ કે તે સરકારી રોકાણ, ખાનગી મૂડી અને આંતરરાષ્ટ્રીય ભાગીદારીને જોડે છે.

## ટ્રમ્પ-શી શિખરવાર્તા ફલોપ શો બની રહી- હોર્મુઝ કટોકટી યથાવત



અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ચીનના પ્રમુખ શી જીનપિંગ વચ્ચેની બહુ ગાજેલી શિખર વાર્તા એક ફ્લોપ શો બની ગયો. વાર્તાની ફલશ્રૂતીમાં અમેરીકા અને ચીન બેઉ વચ્ચે હોરમુઝ ખોલવા મામલે એકમતી સધાયાનું એલાન કરાયું પણ આજે 75 દિવસે પણ હોરમુઝ ખૂલી શક્યું નથી. વેપાર મામલે ચીન બોઈંગ વિમાનો ખરીદશે એવો ઠાલો હાશકારો મળ્યો. એગ્રી-ફાર્મ પેકેજ મામલે અમેરિકી ટ્રેઝરી સેક્રેટરી બિસન્ટે કહ્યું કે ચીને આમ પણ અમેરિકા પાસેથી ઘણા સોયાબીન લીધા છે. મતલબ કે સોયા-કોટન મામલે અમેરિકી ખેડુતો માટે કાંઇ ભેટ નથી. આ ખબર પછી કોટન અને સોયાબીનમાં તીવ્ર કરેકશન આવ્યું. હોરમુઝ મડાગાંઠ યથાવત રહેતા બ્રેન્ટ ક્રુડ ઘટીને 92-95 થઇ ગયું હતુ તે ફરી 108 થઇ ગયું સ્થાનિક બજારોમાં એમસીએક્સ ક્રુડ 8500થી ઉછળીને 10000 વટાવી ગયું છ. અમેરિકી પ્રમુખ ટ્રમપે ઇરાન પર હુમલાની ચેતવણી આપી છે એ જોતા આજે ક્રુડ કદાચ મજબૂત ખૂલે.

સ્થાનિક બજારોની વાત કરીએ તો ગત સપ્તાહમાં મોટા પોલીસી વિષયક નિર્ણયો આવ્યા. થોડા સમયથી એટન્શન પર ફોકસ હતું ,હવે એન્ગેજમેન્ટ અને અમલીકરણ શરુ થયું છે. સરકારે સોનાચાંદી પરની આયાત જકાતમાં જંગી વધારો કર્યો, ચાંદીની આયાત હાલ પુરતી પ્રતિબંધીત કરી છે. વડાપ્રધાન મોદીએ સોનું એક વરસ લેવુ નહી, વિદેશ પ્રવાસ ટાળવા, શક્ય હોય તો સપ્તાહમાં એક-બે દિવસ વર્ક ફ્રોમ હોમ કરવું. રાસાયણીક ખાતરોનો ઉપયોગ 50 ટકા જ કરવો, કુદરતી ખાતરોનો ઉપયોગ વધારવો. પેટ્રોલ-ડિઝલનો

**બિરેન વકીલ**

ઉપયોગ ઓછો કરવો. ઇવી પર ફોકસ કરવું એવા અનુરોધ પછી શનિવારે રાત્રે ભાજપ પક્ષ પ્રમુખ નીતિન નવિને આ વાત આગળ વધારવા કહ્યું કે લોકલ ફોર વોકલ, પક્ષની કચેરીઓમાં સ્વાગત માટે 4-5 લોકો જ હાજર રહેવું, પક્ષની ઓફિસોમાં પેટ્રોલ ડિઝલના ઉપયોગમાં 50 ટકા ઘટાડાનો ટાર્ગેટ રાખવો. કાર પુલિંગને પ્રોત્સાહન આપવું. સામાજીક સંસ્થાઓ, વેપારી પ્રતિષ્ઠાનોને ઉર્જા બચત માટે સૂચન કરવા. સપ્તાહમાં એક વાર રાત્રી જાગરણ કરવું. સરકારના પોલીસી ડાયરેક્ટિવ મોંઘવારી- બેકારી જેવી ગંભિર સમસ્યાઓ માટે આગોતરા આયોજન તરફી હોઇ શકે.

કરન્સી બજારોની વાત કરીએ તો ડોલર-રૂપિયો 96.15ની સર્વોચ્ચ ઉંચી સપાટીએ પહોચ્યો છે.

**ઘરઆંગણે ફુગાવો રોકવા- ડોલર બચાવવા સરકાર હરકતમાં- ચાંદીની આયાત પર બાન- ખાંડની નિકાસ પર બાન- રૂપિયો 96.15ના નવા બોટમ પર**

ટેકનીકલ લક્ષાંક 97.05-98.60 દેખાય છે. ઉત્તર ગુજરાતમાં કંડલા- નોર્થ ગુજરાત ક્યાક ક્યાક ડિઝલની કામચલાઉ શોર્ટેજ દેખાય છે. પેટ્રોલ-ડિઝલમાં એક વાર ભાવ વધારો આવ્યો છે. પણ નાના નાના વધારા હજૂ આવી શકે છે. સીએનજીના ભાવ પણ વધ્યા છે, કોલસો- ઉર્જામાં પણ ભાવ વધી શકે. સોનાચાંદીમાં વેપારી ઘરાકી ઠપ્પ થઇ ગઇ છે. ઘરાકો પણ એક્સચેન્જમાં જુના ઘરેણા કે સોનું આપી ખપપૂરતા જ ઘરેણા લે છે. મેટલ્સમાં ધીમી મંદીના પગરણ છે. કોપર-એલ્યુમિનિયમાં હવે ડિમાન્ડ રિસેસન દેખાય છે.

એગ્રીકોમોડિટીઝમાં સોયાબીન-રાયડાખોળ, સીંગખોળ જેવી કેટલફીડ આઇટેમોમાં અંધાધૂંધ તેજી આવતા હવે સરકાર હરકતમાં આવતી દેખાય છે. ખાંડની નિકાસ પર રોક લાગી છે. આગળ પર ચોખા, ડીઓઆરબી મકાઇની નિકાસ પર રોક અથવા એક્સપોર્ટ ડ્યુટી આવે, જીએમ સોયાખોળને મર્યાદીત સમય માટે આયાતછૂટ આપીને એગ્રીકોમોડિટિઝનો ફુગાવો રોકવા એક્શન પ્લાન આવે. મકાઇ અને ચોખા ઇથાનોલ માટે મહત્વના પાક હોઇ ફુડ ક્રોપ કમ ફ્યુલ ક્રોપની બેવડી ભૂમિકા નીભાવે છે. રાયડોમાં સ્ટોક લીમીટ આવી શકે.- ખાદ્યતેલમાં પણ સરકારે વપરાશમાં 10 ટકા ઘટાડાનું સૂચન કર્યું છે.

વર્તમાન કટોકટીમાં આપણા ઇકોમિક ફંડામેન્ટલ સાઉન્ડ હોવા છતા હોરમુઝ બ્લોકેડને કારણે ફ્યુલ-ફર્ટિલાઇઝર-ફુડની કટોકટી, શેરબજારોમાં એફઆઇઆઇનું માસ એક્સોડઝ, ડોલર આઉટફ્લો આપણને નડી ગયો છે. અમેરિકા-ઇરાન, રશિયા-યુક્રેન સહીત ઠેરઠેર વોર-તનાવ-તાનાશાહો બેફામ બન્યા છે. હાલમાં અમેરિકાના બોન્ડ યિલ્ડ-ચીનના બોન્ડ યિલ્ડ, જાપાનના બોન્ડ યિલ્ડ વચ્ચે ડિસકનેક્ટ જોતા મંદી મંદી તોળાઇ રહી છે, અર્થશાસ્ત્રીઓ મંદીને એલ શેપ- વી શેપ- ડબલ્યુ શેપ અને કે શેપ ( ઓલ્ડ ઇકોમી વર્સસ નોલેજ ઇકોનોમીમાં વર્ગીકૃત કરે છે. આગામી મંદી કદાચ નવા સ્વરુપની હશે. એ શેપ રીસેસન. ઓલ્ડ ઇકોનોમી અને ન્યુ ઇકોનોમી- એ ના બેઉ પિલર ટોચથી ધરાશાયી થાય.

1873, 1905, 1929ની મંદી જોઇ નથી પણ વાંચી છે. 1997 એશિયા કટોકટી, 2000 ડોટકોમ, 2008 અમેરિકા સબપ્રાઇમ, 2013 પિગ્સ યુરોપ, 2020 કોવિડ મંદી અનુભવી અને જોઇ પણ છે. આ વખતે 1929-2000 ડોટકોમ વચ્ચેનું કોઇ વેરીએશન આવી શકે.

## સોનાની ખરીદી ઘટાડવા સરકારે આયાત ડ્યુટી વધારી, કડક નિયંત્રણથી માગ ઘટશે

ભારતમાં સોનાને માત્ર આભૂષણ તરીકે નહીં પરંતુ સંસ્કૃતિ, પરંપરા અને સુરક્ષિત રોકાણ તરીકે પણ જોવામાં આવે છે. પરંતુ છેલ્લા કેટલાક સમયમાં ભારત સરકારે સોનાની આયાત પર કડક નજર રાખી છે અને આયાત ડ્યુટીમાં વધારો કર્યો છે. આ પગલાંનો મુખ્ય હેતુ દેશના વિદેશી વિનિમય ભંડાર અને કરંટ એકાઉન્ટ ડેફિસિટ પર નિયંત્રણ લાવવાનો છે. આ પરિસ્થિતિમાં સોનાની કિંમત અને માંગ બંનેમાં નોંધપાત્ર ફેરફારો જોવા મળી રહ્યા છે. હવે એડવાન્સ ઓથોરાઈઝેશન હેઠળ લયાસન્સ પર મહત્તમ 100 કિલોગ્રામ ટેક્સ ફ્રી સોનાની આયાત કરી સખાશે. જેમાં પ્રથમ વખત અરજી કરનારા ઉદ્યોગપતિઓની તપાસ કરશે. રિ-ઈમ્પોર્ટ લાયસન્સ ત્યારે જ આપવામાં આવશે, જ્યારે અગાઉના લયાસન્સ હેઠળ નિર્ધારિત નિકાસ જવાબદારીઓના ઓછામાં ઓછા 50 ટકા પુર્ણ કરવામાં આવ્યા હોય. જેઓએ દર 15 દિવસે આયાત-નિકાસન વિગતવાર અહેવાલ આપવો પડશે. અત્રે ઉલ્લેખનીય છે કે, સરકારે સોનાની આયાત ડ્યુટી 6 ટકાથી વધારીને 15 ટકા કરી દીધી છે. જોકે, આ નિર્ણયથી દાણચોરી વધવાની જ્વેલર્સ એસોસીએશને ચિંતા વ્યક્ત કરી છે. જોકે, નાણાકીય વર્ષમાં ભારતની સોનાની આયાત 24 ટકા વધીને વિક્રમી 71.98 અબજ ડોલર થઇ ગઇ છે. ઈરાન-અમેરિકા યુદ્ધના લીધે હોર્મુઝ સ્ટ્રેટ પરથી સપ્લાય ઠપ્પ થવાના કારણે ક્રુડ ઓઈલના ભાવમાં ઝડપી ઉછાળો આવી રહ્યો છે, ત્યારે ક્રુડ ઓઈલની આયાત કરનારો દેશ ભારતને ક્રુડ ઓઈલના લીધે ડોલરની માગ વધતા રૂપિયો તૂટતા ડોલર મજબૂત જોવા મળી રહ્યો છે. જેની સીધી અસર ભારતીય અર્થવ્યવસ્થા પર પડી રહી છે અને સોના-ચાંદીની કિંમત પણ વધી જશે.

સૌપ્રથમ, આયાત ડ્યુટીમાં વધારો સીધો સોનાની કિંમતને અસર કરે છે. ભારત સોનાનો મોટો આયાતકાર દેશ છે, એટલે આંતરરાષ્ટ્રીય બજારમાંથી સોનું ખરીદતી વખતે વધારાની ડ્યુટી ચૂકવવી પડે છે. પરિણામે દેશના બજારમાં સોનાની કિંમત વધે છે. જ્યારે કિંમત વધે છે, ત્યારે સામાન્ય ગ્રાહકો માટે સોનું ખરીદવું મોંઘું બની જાય છે, જેના કારણે તેમની ખરીદીની ક્ષમતા ઘટે છે. બીજી તરફ, સોનાની માંગ પર પણ આનો સીધો પ્રભાવ પડે





છે. ઊંચી કિંમતોને કારણે ખાસ કરીને મધ્યમ વર્ગ અને ગ્રામ્ય વિસ્તારોમાં સોનાની માંગ ઘટે છે. લોકો લગ્ન કે તહેવારો જેવા પ્રસંગો માટે ખરીદી કરે છે, પરંતુ અગાઉની સરખામણીએ ઓછી માત્રામાં સોનું લેવાનું પસંદ કરે છે. આમ છતાં, ભારતમાં સોનાની સાંસ્કૃતિક મહત્તા હોવાથી માંગ સંપૂર્ણપણે ઘટતી નથી.

**ફોરેક્સ રિઝર્વ અને કરન્ટ એકાઉન્ટ ડેફિસીટ પર નિયંત્રણ લાવવાનો સરકારનો પ્રયાસ**

આયાત ડ્યુટી વધારાનો એક નકારાત્મક પાસો પણ છે, જે દાણચોરીના રૂપમાં જોવા મળે છે. જ્યારે કાનુની રીતે સોનું આયાત કરવું મોંઘું પડે છે, ત્યારે કેટલાક લોકો ગેરકાયદેસર રીતે સોનું લાવવા પ્રયત્ન કરે છે. આથી સરકારને ટેક્સનું નુકસાન થાય છે અને અનિયમિત બજાર પ્રવૃત્તિઓ વધે છે.

રોકાણના દૃષ્ટિકોણથી જોવામાં આવે તો સોનું હંમેશા સેફ હેવન તરીકે ઓળખાય છે. જ્યારે આર્થિક અનિશ્ચિતતા વધે છે અથવા મોંઘવારી વધે છે, ત્યારે રોકાણકારો સોનામાં રોકાણ કરવાનું પસંદ કરે છે. પરંતુ જ્યારે કિંમત પહેલેથી જ ઊંચી હોય છે, ત્યારે નવા રોકાણકારો થોડો સમય રાહ જોવાનું પસંદ કરે છે. પરિણામે ટૂંકા ગાળામાં માંગમાં ઘટાડો જોવા મળે છે. લાંબા ગાળે, સરકારના આ પગલાં લોકોમાં વૈકલ્પિક રોકાણ તરફ વળવાની પ્રેરણા આપે છે. ગોલ્ડ ઈટીએફ અને સોવરિન ગોલ્ડ બોન્ડ્સ જેવા વિકલ્પો લોકપ્રિય બની રહ્યા છે, કારણ કે તેમાં ફિઝિકલ સોનાની જેમ સ્ટોરેજ અને સુરક્ષાની ચિંતા નથી

ઈકોનોમી ઈન્સાઈડર

અને વ્યાજની આવક પણ મળે છે.

આ રીતે, સોનાની આયાત પર કડક નિયંત્રણ અને વધતી ડ્યુટીના કારણે દેશમાં સોનાની કિંમતમાં વધારો અને માંગમાં ઘટાડો જોવા મળે છે. જોકે પરંપરાગત મહત્વને કારણે સોનાની માંગ સંપૂર્ણપણે ઘટી નથી, પરંતુ ખરીદીના સ્વરૂપમાં બદલાવ સ્પષ્ટપણે દેખાઈ રહ્યો છે.

## ‘વર્ક ફ્રોમ હોમ’ના આર્થિક લાભ પણ નોંધપાત્ર છે

બેંગલુરુ અને મુંબઈ જેવા શહેરોમાં ઓફિસે જનારા લોકો માટે, કામ પત્યા પછી ઘરે પાછા ફરવાની મુસાફરી ઘણીવાર દૈનિક સહનશક્તિની કસોટી જેવી લાગે છે. જે મુસાફરી આદર્શ રીતે ૩૦ મિનિટમાં પૂરી થવી જોઈએ, તે ટ્રાફિક જામના કારણે વારંવાર બે કે ત્રણ કલાક સુધી ખેંચાઈ જાય છે. પશ્ચિમ એશિયાના યુદ્ધના પગલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નાગરિકોને ઈંધણનો વપરાશ ઘટાડવાની અપીલ કર્યા પછી, વર્ક-ફ્રોમ-હોમ (WFH) અંગેની ચર્ચા ફરી એકવાર ચર્ચાના કેન્દ્રમાં આવી છે. આ સૂચનોમાં જ્યાં પણ શક્ય હોય ત્યાં રિમોટ વર્ક (ઘરેથી કામ કરવાની પદ્ધતિ)નો વધુ પ્રમાણમાં સ્વીકાર કરવાનો સમાવેશ થાય છે.

**ઈંધણની બચત અને આર્થિક ફાયદા**

ભારત તેની ક્રૂડ ઓઈલની જરૂરિયાતના લગભગ ૮૫ ટકા હિસ્સો આયાત કરે છે, જેના કારણે ઈંધણની બચત એક મોટી આર્થિક ચિંતા બની જાય છે. નિષ્ણાતોનું કહેવું છે કે મર્યાદિત પ્રમાણમાં પણ વર્ક-ફ્રોમ-હોમની નીતિઓ દૈનિક મુસાફરીને ઘટાડીને ઈંધણની માંગ ઘટાડવામાં મદદ કરી શકે છે. કોવિડ-૧૯ લોકડાઉનના પીક પિરિયડ દરમિયાન, પરિવહન અને ઔદ્યોગિક પ્રવૃત્તિઓ ઘટવાને કારણે ભારતનું ઓઈલ આયાત બિલ ઝડપથી ઘટ્યું હતું. ભારતનું ક્રૂડ ઓઈલ આયાત બિલ નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ માં લગભગ $૧૦૧.૪ અબજ હતું, જે નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માં ઘટીને લગભગ $૬૨.૨ અબજ થઈ ગયું હતું. જો કે હાલની પરિસ્થિતિ લોકડાઉનના સ્તરની આસપાસ પણ નથી, તેમ છતાં અર્થશાસ્ત્રીઓનું કહેવું છે કે વૈશ્વિક અનિશ્ચિતતાના આ સમયમાં હાઇબ્રિડ વર્ક (ઓફિસ અને હોમ બંનેનું મિશ્રણ) જેવા પગલાં ઈંધણનો વપરાશ ઘટાડવામાં મદદ કરી શકે છે.

**કર્મચારીઓની સુખાકારી વિરુદ્ધ કોર્પોરેટ ચિંતાઓ**

પ્રોડક્ટિવિટી (ઉત્પાદકતા) અને પરસ્પર તાલમેલ અંગેની ચિંતાઓ દર્શાવીને ઘણી કંપનીઓએ કોવિડ-૧૯ રોગચાળા પછી ધીમે ધીમે WFH નીતિઓ પાછી ખેંચી લીધી હતી, પરંતુ કર્મચારીઓએ વારંવાર આ પદ્ધતિથી તેમના જીવનમાં મળતા ફાયદાઓ તરફ ઈશારો કર્યો હતો – જેમ કે મુસાફરીના તણાવમાં ઘટાડો, પરિવાર માટે વધુ સમય, ઓછા ખર્ચા અને માનસિક સ્વાસ્થ્યમાં સુધારો. હવે, દિલ્હી પ્રશાસન સહિતની સરકારો જ્યારે કર્મચારીઓ માટે આંશિક રિમોટ વર્કને પ્રોત્સાહન આપી રહી છે, ત્યારે આ વાતચીત માત્ર સગવડતાથી આગળ વધી ગઈ છે. WFH થી મોટો ફાયદો કર્મચારીઓને થાય છે, પરંતુ તે ભારતની કેટલીક સૌથી મોટી શહેરી સમસ્યાઓનો ઉકેલ પણ લાવી શકે છે.

૧. ઘાતક મુસાફરીનો અંત

બેંગલુરુ જેવા શહેરોમાં, જ્યાં ટ્રાફિક જામ શહેરી જીવનની ઓળખ બની ગયો છે, ત્યાં વર્ક-ફ્રોમ-હોમને એક તાત્કાલિક રાહતના ઉપાય તરીકે જોવામાં આવી રહ્યું છે.

ઈન્ફ્રાસ્ટ્રક્ચર (પાયાની સુવિધાઓ) ના પ્રોજેક્ટ્સ ઘણીવાર ટ્રાફિક હળવો કરવામાં વર્ષો લઈ લે છે, પરંતુ રસ્તાઓ પર વાહનોની સંખ્યા ઘટાડવાની તાત્કાલિક અસર થઈ શકે છે. જો ૧ લાખ કર્મચારીઓ માટે માત્ર બે દિવસની પણ WFH નીતિ લાગુ કરવામાં આવે, તો દરરોજ રસ્તા પરથી લગભગ ૫૦,૦૦૦ વાહનો ઓછા થઈ શકે છે.

લાખો ઓફિસે જનારા લોકો માટે, આનો અર્થ એ હોઈ શકે કે કલાકો સુધી ચાલતી અને વ્યક્તિગત જીવન માટે બિલકુલ સમય ન આપતી થકવી નાખનારી દૈનિક મુસાફરીનો અંત આવશે.

૨. શહેરી પ્રદૂષણ પર બ્રેક



દિલ્હીને લાંબા સમયથી કુખ્યાત રીતે “ગેસ ચેમ્બર” તરીકે વર્ણવવામાં આવે છે, ખાસ કરીને શિયાળા દરમિયાન જ્યારે હવાનું પ્રદૂષણ જોખમી સ્તરે પહોંચી જાય છે. પાટનગરની બગડતી હવાની ગુણવત્તામાં વાહનોનું ઉત્સર્જન સૌથી મોટો ફાળો આપનારા પરિબળોમાંનું એક છે. દરમિયાન, મુંબઈમાં પણ તાજેતરના વર્ષોમાં પ્રદૂષણના સ્તરમાં નોંધપાત્ર ઉછાળો જોવા મળ્યો છે. જો કે મુંબઈ અને બેંગલુરુ જેવા શહેરો સામાન્ય રીતે ઉત્તર ભારતના કેટલાક શહેરો કરતાં વધુ સારી હવાની ગુણવત્તા નોંધાવે છે, તેમ છતાં ટ્રાફિક સંબંધિત ઉત્સર્જન પ્રદૂષણનો મોટો સ્રોત બનેલું છે.

**નિષ્ણાતોનું કહેવું છે કે મર્યાદિત પ્રમાણમાં પણ વર્ક-ફ્રોમ-હોમની નીતિઓ દૈનિક મુસાફરીને ઘટાડીને ઈંધણની માંગ ઘટાડવામાં મદદ કરી શકે છે**

પર્યાવરણ નિષ્ણાતોનું કહેવું છે કે વર્ક-ફ્રોમ-હોમ નીતિઓ દ્વારા અઠવાડિયામાં માત્ર થોડા દિવસો માટે પણ રસ્તાઓ પર વાહનોની સંખ્યા ઘટાડવાથી PM2.5 અને નાઇટ્રોજન ડાયોક્સાઇડના ઉત્સર્જનમાં સીધો ઘટાડો થઈ શકે છે. ઘણા લોકો કોવિડ-૧૯ લોકડાઉન દરમિયાન હવાની ગુણવત્તામાં થયેલા તીવ્ર સુધારા તરફ પણ ઈશારો કરે છે, જે આ વાતનો પુરાવો છે કે ઓછો ટ્રાફિક શહેરી હવાની સ્થિતિને નોંધપાત્ર રીતે સુધારી શકે છે.

બેંગલુરુમાં સિલ્ક બોર્ડ અથવા મુંબઈમાં વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે જેવા મુખ્ય ટ્રાફિક જામ વાળા પોઈન્ટ્સ પર વાહનોનું એન્જિન ચાલુ રાખીને ઊભા રહેવાનું (idling) ઓછું થાય, તો તે શહેરોને શ્વાસ લેવા માટે જરૂરી રાહત આપી શકે છે અને સાથે જ પહેલેથી જ દબાણ હેઠળ રહેલા શહેરી

ઓફ-બીટ

ઇન્ફ્રાસ્ટ્રક્ચર પરનો બોજ પણ ઓછો કરી શકે છે.

૩. માનસિક સ્વાસ્થ્ય અને “ત્રીજા કલાક” પર ફરી અધિકાર મેળવવો

માનસિક સ્વાસ્થ્ય નિષ્ણાતોનું કહેવું છે કે લાંબી મુસાફરી શહેરી કામદારોમાં તણાવ, થાક અને બર્નઆઉટ (માનસિક અતિશય થાક) માં મોટો ફાળો આપે છે. અભ્યાસો અંદાજ લગાવે છે કે ટાયર-૧ (મોટા) શહેરોમાં મુસાફરો દર વર્ષે સેંકડો કલાકો ટ્રાફિકમાં ફસાયેલા વિતાવે છે. રિમોટ વર્ક કર્મચારીઓને તે ગુમાવેલા કલાકો ઊંઘ, કસરત, પરિવાર સાથે સમય વિતાવવા અથવા વ્યક્તિગત સમય માટે પાછા મેળવવાની તક આપે છે.

રિમોટ વર્ક કરતા કર્મચારીઓ મુસાફરીના થાકમાં ઘટાડો અને વધુ ફ્લેક્સિબિલિટી (સુગમતા) ને કારણે વધુ સારું વર્ક-લાઈફ બેલેન્સ, ઓછો તણાવ અને બહેતર માનસિક સુખાકારી અનુભવતા હોવાનું જણાવે છે. આનાથી કર્મચારીઓની આર્થિક ઉત્પાદકતા પણ વધી શકે છે.

૪. સમયનો નફો : ડેસ્કથી પરે જીવન

નિષ્ણાતો રિમોટ વર્કના સૌથી મોટા ફાયદાને “ટાઇમ ડિવિડન્ડ” (સમયનો નફો) તરીકે વર્ણવે છે – એટલે કે મુસાફરીમાં ગુમાવાતા કલાકોનું પાછા મળવું. ઘણા પ્રોફેશનલ્સ તે વધારાના સમયનો ઉપયોગ ફિટનેસ, સ્કિલ ડેવલપમેન્ટ (કૌશલ્ય વિકાસ) અને શોખ પૂરા કરવા માટે કરી રહ્યા છે. વર્ક-ફ્રોમ-હોમના વર્ષો દરમિયાન, ખાસ કરીને યુવા પ્રોફેશનલ્સમાં જીમ, પાર્ક અને ઓનલાઈન લર્નિંગ પ્લેટફોર્મ્સમાં ભાગીદારી વધેલી જોવા મળી હતી.

મુસાફરીના થાક વિના, કર્મચારીઓ સામુદાયિક પ્રવૃત્તિઓ, સ્થાનિક પહેલો અને સામાજિક સંપર્કોમાં સામેલ થાય તેવી શક્યતા વધુ રહે છે, જે સામાન્ય રીતે ઝડપી શહેરી જીવનમાં ઉપેક્ષિત રહી જાય છે.

૫. શહેરોમાં વધુ પડતી ભીડ ઘટવી

ભારતના સૌથી મોટા રોજગાર કેન્દ્રો – જેમાં બેંગલુરુ, મુંબઈ અને નોઈડા વગેરેનો સમાવેશ થાય છે – ત્યાં નોકરી અને સારી તકોની શોધમાં લોકો સ્થળાંતર કરી રહ્યા હોવાથી સતત ઝડપી વસ્તીવધારો જોવા મળી રહ્યો છે. આનાથી શહેરોમાં વધુ પડતી ભીડ, વધતું ભાડું, ટ્રાફિક જામ અને શહેરી ઇન્ફ્રાસ્ટ્રક્ચર પર સતત દબાણ વધી રહ્યું છે. નિષ્ણાતોનું કહેવું છે કે જો રિમોટ વર્કનો વ્યાપક સ્વીકાર થાય, તો પ્રોફેશનલ્સ મેટ્રો શહેરોમાં આવેલી કંપનીઓ માટે કામ કરવાનું ચાલુ રાખીને પણ ટાયર-૨ અને ટાયર-૩ (નાના અને મધ્યમ) શહેરોમાં રહેવા માટે પ્રોત્સાહિત થઈ શકે છે. સમય જતાં, આનાથી મોટા શહેરી કેન્દ્રો પરનું દબાણ ઘટાડવામાં અને દેશભરમાં વધુ સંતુલિત પ્રાદેશિક વિકાસને પ્રોત્સાહન આપવામાં મદદ મળી શકે છે.